# સાબરકાંઠા જિલ્લામાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાયો




(તસવીર : મગનજી વણઝારા)

હિંમતનગર, તા.૧૫

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૬૩મી પુણ્યતિથિએ સમગ્ર દેશમાં રન ઓફ યુનિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત આજે સાબરકાંઠા જિલ્લામાં રાજયના કાયદા અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ રન ફોર યુનિટીના દોડવીરોને લીલી ઝંડી આપીને હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં એક સાથે ભારતમાં ૪૦,૪૯,૪૫૭ અને રાજયના ૨૬ જિલ્લાઓ અને ૩૧ શહેરોમાંથી ૯,૧૩,૬૪૫ દોડવીરો રન ફોર યુનિટીમાં જોડાશે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશને એકતાનો સંદેશ આપનાર સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની ગ્રામ શકિત અને કિસાન શકિતને જોડવાનું કામ કર્યું હતું. તેમની યાદમાં કેવડીયા ખાતે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બનાવવાનું મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના માટે દેશભરમાંથી ખેડૂતોના ખેત વપરાશમાં લેવાયેલા ઓજારોથી આ વિરાટકાય પ્રતિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. જે લોકોને જોડવાનું અભિયાન એટલે રન ફોર યુનિટી.

સાબરકાંઠા જિલ્લામાંથી ૫૭,૪૮૯ લોકોએ રન ફોર યુનિટીના મહાઅભિયાનમાં જોડાઈને એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પ્રતિબધ્ધ બનવા મંત્રીએ જણાવ્યું હતું.

રન ફોર યુનિટી હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈ શહેરના વિવિધ સર્કલ, પાંચબત્તી, ટાવર રોડ સહિતના વિસ્તારોમાંથી પસાર થયા હતા. જયાં મહાવીરનગર સર્કલ ખાતે સમાપન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, અધિક કલેકટર ધનાણી, પ્રાંત અધિકારી રીન્કેશભાઈ પટેલ સહિત તમામ અધિકારીઓ સહિત શહેરના વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ, પોલીસ જવાન સહીત શહેરના નાગરિકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## ખેડબ્રહ્મામાં આરોગ્ય માટે જનજાગૃતિ અભિયાન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્માની સંતશ્રી નથ્થુરામ બાપા જયંતિ વિદ્યાલયમાં જનકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે આરોગ્ય વિષયક જન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટના પ્રમુખ ડૉ. એમ.ડી. રાવલ, કો. ઓર્ડીનેટર મદનસિંહ ચૌહાણ, માનદ મંત્રી કંચનબા તથા કાર્યકરો દ્વારા વિવિધ રોગો જેવા કે સિકલસેલ એનીમીયા, મેલેરિયા, ડેન્ગ્યુ-એઈડ્સ ડાયાબીટીસ થવાના કારણો, ઉપચારો અને તેની સામે કંઈ રીતે જાગૃત રહી બચી શકાય તેની ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી અને ૭૦૦ વિદ્યાર્થીઓના બ્લડ ગ્રૂપ ચકાસી બ્લડકાર્ડ એનાયત કર્યા હતા. આ ઉપરાંત શાળાના શિક્ષકોને પણ બીપી, કમળો, ડાયાબીટીસ, થેલેસેમીયા વગેરે રોગોની વિડીયો સીડી દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. આ આરોગ્યલક્ષી જન જાગૃતિ અભિયાનના આયોજન બદલ સંસ્થાના મંત્રી જેઠાભાઈ પટેલ તથા આચાર્ય સુરેશભાઈ પટેલે ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

## રન ફોર યુનિટીમાં ખેડબ્રહ્માના બાળકો અને શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૧૫

મહાન રાષ્ટ્ર સપુત અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે દેશની એકતા અને અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરી ભગીરથ કાર્ય કર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા કેવડીયા કોલોની ખાતે સરદાર પટેલની ૧૮૨ મીટર ઉંચુ સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે જે અંતર્ગત ૧૫ ડિસે. સરદાર પટેલના નિર્વાણ દિને તેઓને સ્મરણાંજલિ અર્પણ કરવા ખેડબ્રહ્મામાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રન ફોર યુનિટીમાં વહેલી સવારે શેઠ કે.ટી. હાઈસ્કૂલના પટાંગણમાં શેઠ કેટી હાઈસ્કૂલ, જ્યોતિ હાઈસ્કૂલ, કન્યા વિદ્યાલય, પ્રાંત ઓફીસર, પી.એસ.આઈ., ડી.ડી. ચાવડા, જશુભાઈ પટેલ, મામલતદાર યુવાના કાર્યકર્તા સહીત ૨૦૦૦ જેટલા લોકોએ દોડ લગાવી હતી. દોડને તાલુકા પંચાયત પ્રમુખ ભોજાભાઈ મકવાણાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જે શિતલ ચોક, રેલવે સ્ટેશન, સરદાર પટેલ ચોક, સ્ટેટ બેંક, સિવિલ રોડ, કાશી વિશ્વનાથ મહાદેવ, નગર સેવાસદન, બ્રહ્માજી ચોક, માતાજી મંદિર પહોંચી પુરી થઈ હતી.

## ઊંઝામાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને લીધે ગુનાનો ગ્રાફ સતત ઉંચો

ઊંઝા, તા.૧૫

ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં છેલ્લા ઘણા વખતથી વધતી જતી ગુનાખોરીને અટકાવવામાં તેમજ મિલકત વિરૂધ્ધના અને અન્ય ગંભીર પ્રકારના નોંધાયેલ ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી જવા પામી છે.

છેલ્લા ઘણા સમયથી ઊંઝા તાલુકામાં પોલીસની નિષ્ક્રિયતા તેમજ વધતી જતી વસતિ અને ગુનાખોરીના વધતા પ્રમાણમાં પોલીસનું સંખ્યાબળ ઓછું છે. જેથી લૂંટ, ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, મંદિર ચોરીઓ, ઢોરચોરીઓ, અપહરણ, ઠગાઈ જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન આ વિસ્તારમાં મિલકત સંબંધી, સ્ત્રી સંબંધી, શરીર સંબંધી કેટલાયે ગુનાઓ નોંધાયેલા છે. જેમાં મિલકત વિરૂધ્ધના નોંધાયેલ ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. મિલકત સંબંધી ગુનાઓમાં લોકોની લાખોની માલમત્તા ચોરાયેલ છે. આવા ગુનાઓને શોધવામાં, આરોપીઓને પકડવામાં તેમજ મુદ્દામાલ પરત મેળવવામાં પોલીસ તંત્ર સાવ નિષ્ફળ નિવડયું છે. આથી પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર વધી ગયેલ છે.

બીજું આ વિસ્તારમાં દેશી વિદેશી દારૂ, જુગારના કેન્દ્રો, ક્રિકેટસટ્ટો, નશીલા પદાર્થોનું વેચાણ તથા અન્ય સમાજ વિરોધી બદીઓને ડામવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડતા આવી બદીઓનો વ્યાપ વધી ગયો હોવાનું કહેવાય છે. આ સાથે ટ્રાફિક નિયમન કરવામાં જાહેર રસ્તાઓ પરની અડચણો દૂર કરવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડયું છે.

## હિંમતનગરના મૂછનીપાળ ગામના આશ્રમમાં નારાયણ સાઈને પોણા બે કલાક રાખી તપાસ કરાઈ

હિંમતનગર, તા. ૧૫

બહુચર્ચિત સુરતનો બળાત્કાર કેસના પ્રકરણમાં ભાગતો ફરતો પકડાયેલ આશારામનો પુત્ર નારાયણ સાઈએ બળાત્કારનો ગુનો કબુલ્યા બાદ પીડિતા સાથે વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૫ દરમિયાનના સમયમાં નારાયણ સાઈએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસે આવેલ મૂછનીપાળ ગામે સ્થિત નારાયણ સાઈ આશ્રમ દુષ્કર્મ આચર્યું હોવાને લઈને સુરત પોલીસ નારાયણ સાઈને રિમાન્ડ દરમિયાન તપાસ માટે શનિવારે મોડી રાત્રીના સુરતથી રોડ માર્ગે તેના આશ્રમ ખાતે લાવી હતી. સુરત સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ અધિકારીઓ સાથેની ટીમ, એસઆરપી સાથે સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચ, એસઓજી અને ગાંભોઈની પોલીસ સાથે ૮૦નો કાફલો ૨૦ થી ૨૫ ગાડીઓ સાથે ગઈ કાલે રાત્રીના ૧૧.૨૦ વાગે મૂછનીપાળ આશ્રમમાં વાદળી કલરની પોલીસ વાનમાં સફેદ કપડામાં સજજ નારાયણ સાઈને લઈ આવ્યા હતા અને લગભગ પોણા બે કલાક સુધી રોકાયેલ જયા તેણે રામકુટરી તેમજ કેટલાક રૂમો બતાવ્યા હતા. અને પોલીસે તે તમામ સ્થળોનું નિરીક્ષણ કરી તે તમામ સ્થળોના પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી. અંદાજે બે કલાક સુધીની તપાસ દરમ્યાન પોલીસે દુષ્કર્મની ફરીયાદના પુરાવાઓ એકત્ર કરવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની પીડિતા નારાયણ સાંઈના મહીલા ગાંભોઈ આશ્રમમાં સંચાલીકાની ભુમિકામાં હતી જે અંગે પોલીસે આ તમામ કડીઓને એકત્ર કરવા માટે પ્રયાસ હાથ ધર્યો હતો. પોલીસે જો કે આશ્રમમાં બે કલાક સુધી બંધ દરવાજે તાસ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ નારાયણ સાંઈ સાથે આશ્રમમાંથી નીકળીને સુરત પોલીસની ૭ ગાડીઓનો કાફલો શામળાજી થઈને રાજસ્થાન તરફ ગયો હતો. આશ્રમમાં નારાયણ સાઈને લઈને આવેલી સુરત પોલીસ નારાયણ સાઈને મીડિયાથી બચાવવા માટે પોલીસ વાહનમાં બેઠેલા નારાયણ સાઈને પોતાના કદથી છુપાવી દીધો હતો. હવે જોવું રહ્યું કે પોલીસ જેને લઈને તપાસમાં આવી છે તેને મીડિયાથી કેમ બચાવી રહી છે તે સમજાતું નથી.

## પ્રાંતિજમાં રન ફોર યુનિટી દોડનું આયોજન કરાયું

પ્રાંતિજ, તા.૧૫

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિન નિમિત્તે



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

યોજાયેલ રન ફોર યુનિટીમાં પ્રાંતિજના નગરજનોએ એક સાથે દોડી નિર્વાણ દિનની શાનદાર ઉજવણી કરી હતી.

આ રન ફોર યુનિટી મેરેથોનમાં પ્રાંતિજ શહેરના અગ્રણી સતીષભાઈ, ગીરીશભાઈ પટેલ, અરવિંદભાઈ પરમાર સહિતના આગેવાનો યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ યુવતીઓએ મોટી સંખ્યામાં શિસ્તબંધ રીતે જોડાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## લક્ષ્મીપુરા કંપા ખાતે સંતશ્રી કાનજીબાપાનો પોડસી ઉત્સવ ઉજવાશે

ખેડબ્રહ્મા, તા.૧૫

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાકંપા ખાતે સ્થિત બ્રહ્મલીન સંતશ્રી કાનજીબાપાનો પોડસી ઉત્સવ મંગળવારના દિવસે ઉજવવામાં આવશે. ઠેરઠેરથી ભકતો અને શિષ્યો મોટી સંખ્યામાં ઉમટી પડશે. આ ઉત્સવમાં રાજકોટથી આર્ય વિદ્યામંદિરના સ્વામી પરમાત્માનંદ સરસ્વતી સહીત અન્ય સંતો ઉપસ્થિત લોકોને સંતવાણીનો લાભ આપશે.

## જિલ્લાની સ્વચ્છતા અને જનભાગીદારી દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીને સાર્થક બનાવીએ : પ્રભારી મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી





(તસવીર : મગનજી વણઝારા)

જિલ્લાના સંયુકત ઉપક્રમે રાજયકક્ષાના ૬૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી હિંમતનગર ખાતે યોજાનાર હોઈ જે સંદર્ભે એક બેઠક જિલ્લા પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવાનો હેતુ સમજાવતા રાજયના કાયદા મંત્રીએ જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લાના શહેરોથી લઈને ગામે ગામ સફાઈ સ્વચ્છતા ઝુંબેશ આદરી આ જિલ્લામાં જનભાગીદારી જોડવા અધિકારીઓને જણાવ્યું હતું.

મંત્રીએ ઉમેર્યું હતું કે આ પર્વની ઉજવણીમાં અદનામાં પણ અદના માનવ આનંદ અને ઉત્સાહથી જોતરાઈને રાજય સરકારના આ ભગીરથ કાર્યને સાર્થક બનાવે તે જરુરી ગણાવ્યું છે.

આ બેઠકમાં આ પર્વની ઉજવણી માટે વહીવટીતંત્ર દ્વારા બનાવાયેલ ૨૫ ઉપરાંત સમિતિઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ વિશેષ સૂચન કર્યા હતા.

બેઠકમાં કલેકટરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, અધિક કલેકટર ધાનાની સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

***દાંતીવાડા તાલુકાની રન ફોર યુનિટી*** - મળતી માહિતી મુજબ દાંતીવાડા જવાહર નવોદય વિદ્યાલયના ચોગાનમાં સવારના ૭ વાગ્યાના સમયે કાર્યક્રમની બેઠક મળી હતી. બેઠક દરમિયાન દાંતીવાડા વિનય વિદ્યા મંદિરના પ્રિન્સિપલ પ્રવીણભાઈ જોશીએ સરદાર પટેલના ચરીતાર્થ વિશેની વિસ્તૃત માહિતી આપી સાથે સાથે જણાવ્યું હતું કે સરદાર પટેલે દેશને એક બનાવ્યો હતો અને હવે આપણે દેશની એકતા માટે એમની યાદ લોકોને ફરી તાજી કરાવીશુ. 'જય જવાન જય કીસાન' સૂત્ર સાથે પ્રવચન પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી જે.કે. શાસ્ત્રી, દાંતીવાડા મામલતદાર આર.કે. ઓઝા, પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી જયેન્દ્રભાઈ જોશી, તાલુકા ભાજપ મહામંત્રી નટુભાઈ ચૌધરી દ્વારા ઝંડી આપી દોડને ખુલ્લી મુકાઈ હતી. રન ફોર યુનિટી દોડના કાર્યક્રમમાં તાલુકાના તમામ રાજકીય અગ્રણીઓ, તાલુકાની તમામ શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, આરોગ્ય ખાતાની ત્રણ ટીમો અને બ્લોક ઓફિસર ડૉ. મીના, આંગણવાડી કાર્યકરો, વનવિભાગ કર્મચારી, મધ્યાન ભોજન સંચાલકો, સસ્તા અનાજની દુકાનોના સંચાલકો તેમજ પ્રજાજનો ખુબજ મોટી સંખ્યામાં હાજર જોવા મળ્યા હતા અને પીએસઆઈ એ.જે. દલસાણીયા સ્ટાફ સાથે હાજર રહ્યા હતા. આમ રન ફોર યુનિટી દોડમાં દાંતીવાડા કોલોની અને દાંતીવાડા યુનિવર્સિટીમાં લોકોના ટોળે ટોળા 'જય જવાન જય કીસાન'ના નારાઓ લગાવતા દોડમાં જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં વ્યવસ્થા જાળવવાની જહેમત નાયબ મામલતદાર મધ્યાન ભોજન ડી.એચ. અને તાલુકા કેળવણી નિરિક્ષક ભારતભાઈ ચૌધરીએ ઉઠાવી હતી.

## પાલનપુરમાં રનફોર યુનિટીમાં દોઢ લાખ શહેરીજનો જોડાયા




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૫

સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે લોકજાગૃતિ અર્થે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સમગ્ર રાજ્યમાં રન ફોર યુનિટીનું આયોજન કર્યું હતું.

બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ખાતે વહેલી સવારે પોલીસ હેડક્વાટર્સથી જોરાવર પેલેસ સુધી રન ફોર યુનિટી દોડ યોજાઈ હતી. જેમાં મંત્રી લીલાધર વાઘેલા, કલેક્ટર હિંગરાજીયા, મહેન્દ્રભાઈ પટેલ, એસ.પી. અશોક યાદવ, રમેશ પટેલ, ગણપતભાઈ જોષી સહિત જિલ્લામાં કુલ ૧૬ જગ્યાએ દોઢ લાખથી વધુ નાગરિકોએ આ દોડમાં ભાગ લીધો હતો.

## સાબરકાંઠા બે અલગ અલગ સ્થળેથી વિદેશી દારૂ સાથે ત્રણ પકડાયા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે મોડી સાંજે હિંમતનગરના ખાપરેટા વિદેશી દારૂ સાથે બે અને ઈડરના ઢીંચણીયા ગામ નજીકથી વિદેશી દારૂ સાથે એક મળી ૫૫ હજારના વિદેશી દારૂ સાથે ત્રણ પકડાયા હતા. આ અંગે ગાંભોઈ અને ઈડર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ ગાંભોઈ પોલીસમથકના પીએસઆઈ પી.સી. ઝાલાને મળેલ બાતમી આધારે રાયટર - મુકેશભાઈ પ્રજાપતિ, જયદીપસિંહ રહેવરે શનિવારે રાત્રી ૯.૩૦ વાગે ખાપરેટા ગામે રહેતા ધનજી રૂપા ગામેતીની કરીયાણાની દુકાનમાં રેડ કરતા વિદેશી દારૂની બોટલ નંગ-૩૮, બીયર નંગ-૧૨૦ મળી કુલ રૂ. ૨૭ હજાર ૨૦૦ સાથે એક મોબાઈલ મળી કુલ રૂ. ૨૭ હજાર ૭૦૦ ના મુદ્દામાલ કબજે લઈ ધનજી રૂપા ગામેતી અને ઈશ્વર કુબેર ખરાડીને પકડી પાડી તેમના વિરુદ્ધ ગાંભોઈ પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તો બીજી તરફ શનિવારે સાંજે ૬.૩૦ વાગે ઈડર પોલીસે બાતમી આધારે ઢીંચણીયા ગામ નજીક વોરવાવથી ઈશ્વરપુરા માર્ગ પરથી ઢીંચણીયા ગામના મેશ્વા ફળિયામાં રહેતા નરસીભાઈ કાવજીભાઈ નીનામા પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૮ અને બીયર નંગ-૧૩૧ અને એક મોબાઈલ સાથે રોકડ રકમ મળી કુલ રૂ. ૨૭હજાર ૬૩૦ નો મુદ્દામાલ કબજે લઈને નરસીભાઈ કાવજીભાઈ નીનામા પકડી પાડી તેના વિરુદ્ધ ઈડર પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અનોડીયા મુકામે ક્ષત્રિય સમાજનું સ્નેહમિલન યોજાયું

પ્રાંતિજ, તા. ૧૫

ગાંધીનગરના માણસા તાલુકામાં સ્થિત અનોડીયા મુકામે સાબરકાંઠા તેમજ ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજના આગેવાનોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય બંધુઓ જોડાયા હતા.

આ સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત આગેવાનો પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, દિલીપસિંહ રાઠોડ, એ.કે. ઝાલા, કાળુસિંહ રાઠોડ, મનુસિંહ પરમાર વગેરે સમાજ લક્ષી વાર્તાલાપ કર્યો હતો અને સમાજને સંગઠીત તેમજ મજબુત બનાવવા માટે ચર્ચાઓ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧